## વાત ગાંધીનગરની

ગુરૂવારે મોડી રાત્રે કોર કમિટીએ નવરાત્રી અને દિવાળીના તહેવારોની ઉજવણી માટે નિર્ણય લઈ ગાઈડલાઈન જાહેર કરતાં શુક્રવારનો આખો દિવસ ગરબા ટોપ ઓફ ધ ટાઉન બનીને રહ્યાં. કોરોનાકાળમાં ચૂંટણીઓ યોજી શકાતી હોય તો ગરબાની પરવાનગી ન આપવા સામે વ્યાપક પ્રમાણમાં રોષ જોવા મળ્યો હતો. જો કે કોરોનાકાળમાં આરોગ્યને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત સૌ સ્વીકારે છે, પરંતુ સાથે સાથે ચૂંટણીઓ યોજવાની જરૂરીયાત નહોતી એવું ખુલ્લેઆમ જનમત પ્રવર્તે છે.

**પ્રધાનમંત્રી હીરાબાના આશિર્વાદ મેળવશે**

આગામી ૩૧મીએ સરદાર પટેલ જયંતિ પ્રસંગે કેટલાક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યા છે. તેઓ ૩૦મીએ રાત્રે ગાંધીનગર રાજભવન ખાતે રોકાશે અને ૩૧મીએ હીરાબાના આશિર્વાદ મેળવી રીવરફ્રન્ટ પર 'સી-પ્લેન'નો પ્રારંભ કરાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૭મી સપ્ટેમ્બરે જન્મદિવસે નરેન્દ્રભાઈ મોદી હીરાબાના આશિર્વાદ મેળવી શક્યા નહોતા. આ વખતે ૩૧મીએ સવારે મેળવશે.

**ગૃહ વિભાગમાં બેઠકોનો ધમધમાટ**

પ્રધાનમંત્રીના આગમનને પગલે ગૃહ વિભાગ સમગ્ર કાર્યક્રમને પગલે આખરી ઓપ આપી રહ્યું છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતા સીંગે દિવસ દરમ્યાન ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે મહત્વની ૩ થી ૪ બેઠકો યોજી હતી. રાજ્યના વહીવટીતંત્રમાં ભારે સતર્કતા દેખાતી હોય એમ શુક્રવારે જણાયુ હતુ. રાત્રિ રોકાણ દરમિયાન રાજ્યની રાજકીય અને વહિવટીય સ્થિતિ ઉપર પ્રધાનમંત્રી વિસ્તૃત ચર્ચા કરશે એમ મનાય છે.

**મેડિકલ ઈન્સ્યોરન્સની વધતી માંગ**

શહેરમાં છેલ્લા ૬ મહિનાથી મેડિકલ ઈન્સ્યોરન્સની માંગ ચાર ગણી વધી ગઈ છે. ખાસ કરીને કોરોનાને કવર કરે એવા મેડીક્લેઈમની પુછપરછ વ્યાપક પ્રમાણમાં થાય છે. પોસાય કે ના પોસાય તેના વિચાર વિના સલામતીના છત્ર તરીકે મેડિકલ ઈન્સ્યોરન્સ અને તે પણ કોરોનાને કવર કરે તેવી પોલીસી મેળવવાની માંગ રોકેટગતિએ વધી રહી છે. ઈન્સ્યોરન્સ કન્સલટન્ટનું કામકાજ આજકાલ તેજીમાં છે.

**વધુ ૧૨ ગુજરાતી અધિકારીઓ આઈએએસ બન્યાં**

ગુજરાત કેડરના અધિકારીઓ માટે આજે આનંદનો દિવસ હતો. રાજ્યકક્ષાના ૧૨ અધિક કલેક્ટરને આઈએએસ તરીકે નોમિનેટ કરાયા છે. જેમાંથી આગામી અઠવાડિયે કેટલાકને નાયબ મ્યુનિસિપલ કમિશનર તો કેટલાકને ડીડીઓ તરીકે નિમણુંકના હુકમો કરાશે. જેમને પ્રમોશન મળ્યાં છે તેમાં સર્વ ડી.ડી. જાડેજા, આર.એમ. તન્ના, એ.બી. પટેલ, પી.આર. જોશી, કે.સી. સંપત, આર.એ. મેરજા, એમ.કે. દવે, પી.ડી. પલસાણા, એ.બી. રાઠોડ, એન.એન. દવે, વી.એન. શાહ અને એસ.કે. પ્રજાપતિનો સમાવેશ થાય છે.

**મહાત્મા મંદિરમાં કાગડા ઉડે છે**

કોરોનાએ શહેરના ઈતિહાસ અને ભુગોળમાં ઘણા બધાં ફેરફારો કર્યા છે. સતત સરકારી કાર્યક્રમોથી ધમધમતા મહાત્મા મંદિરમાં આજકાલ કાગડા ઉડે છે. છેલ્લા ૭ મહિનાથી એક પણ કાર્યક્રમ મહાત્મા મંદિરના કોઈપણ ઓડીટોરીયમમાં યોજાયો નથી.

**આજનો 'અર્ક'...**

જેનો સ્વભાવ સારો હોય તેણે ક્યારેય પ્રભાવ પાડવાની જરૂર ના પડે.

# રેલવે સ્ટેશન પાછળના દબાણો હટાવાયા

**સ્ટેશન વિસ્તારમાંથી આખરે ૪૫૪ દબાણો હટાવાયા : અગાઉ ૧૨૮ દબાણકર્તાઓ સ્વેચ્છાએ દબાણો દુર કર્યા હતા : તંત્રની ૧૧ ટીમ ૧૦ જે સી બી અને ટ્રેક્ટરો સાથે દબાણો દુર કરવા સવારથી જ કામે લાગી : સોશિયલ ડીસ્ટન્સીંગના લીરા ઉડયા : અધિકારીઓ માટે બેસવાની અને પીવાના પાણીની વ્યવસ્થા કરાઇ : દબાણકર્તાઓ સામાન ઉલેચવા કામે લાગ્યા : દબાણો પર જેસીબી ફરી વળતા જગ્યા ખુલ્લી થઇ : અન્ડરપાસ અને બ્રિજના પ્રોજેક્ટ આડેથી દબાણનુ ગ્રહણ દુર થયુ**








ગાંધીનગર તા ૯

ગાંધીનગર કેપિટલ સ્ટેશન પાછળના વિસ્તારમાં સ્થિત દબાણો છેલ્લા બે વર્ષથી તંત્ર માટે માથાનો દુખાવો બન્યા હતા આ વિસ્તારમાં ૫૮૨ જેટલા દબાણકર્તાઓનો વર્ષોથી અડીંગો હોવાથી અન્ડર પાસ સહીતના પ્રોજેકટનુ કામ પણ અટવાયેલુ હતુ જયારે કાનુની લડતના અંતે સ્વેચ્છાએ દબાણો દુર કરવાની મુદત પણ આખરે પુર્ણ થતા આજે સવારથી જ તંત્રની ટીમ પોલીસ બન્દોબસ્ત વચ્ચે દબાણો દુર કરવા કામે લાગી હતી. દિવસ દરમિયાન ૪૫૪ જેટલા દબાણો દુર કરાયા હતા. મેગા ડિમોલેશનના આ અભિયાનમાં તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ૧૧ જેટલી ટીમો સ્થળ પર હાજર રહી હતી. દબાણોનો સફાયો કરવામાં ૧૦ જે સી બી અને ટ્રેકટરનો ઉપયોગ કરાયો હતો.

ગાંધીનગર શહેરમાં રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે તંત્રએ આજે મેગા ડિમોલેશન હાથ ધર્યુ હતુ. સવારે તંત્રની ટીમ દબાણો હટાવવા જેસીબી સાથે આજે સ્થળ પર પહોંચી ગઈ હતી. આ વિસ્તારમાં દબાણોની સંખ્યા પણ વધુ હોવાથી ૧૦ જે સી બી ટ્રેકટર સહીત કુલ ૧૧ ટીમો સ્થળ પર દબાણો હટાવાની કામગીરીમાં ખડેપગે રહી હતી. સવારે દબાણો દુર કરવા બુલડોઝર આગળ વધતા દબાણકર્તાઓ પણ પોતાનો સામાન ખસેડવાના કામે લાગી ગયા હતા. પોલીસ બન્દોબસ્ત વચ્ચે હાથ ધરાયેલી આ ઝુંબેશ દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર અને માર્ગ મકાન વિભાગના અધિકારીઓ પણ સ્થળ પર હાજર રહ્યા હતા. બુલડોઝરથી દબાણો તોડવાનુ કામ શરૂ કરતા દબાણકર્તાઓ પણ બીજીતરફ પોતાનો સામાન છકડા અને ટ્રેકટરમાં ઠાલવીને સલામત સ્થળે જવા આગળ વધ્યા હતા. વર્ષોથી આ વિસ્તારમાં રહેતા દબાણકર્તાઓ પાતાના મકાનોમાંથી કામની વસ્તુઓ રહી ન જાય તે માટે બધુ આટોપવાના કામે લાગી ગયા હતા. તંત્ર દ્વારા દિવસના અંતે ૪૫૪ જેટલા દબાણો દુર કરાયા હતા અગાઉ આ વિસ્તારમાં અંદાજિત ૫૮૨ દબાણકર્તાઓ પૈકી કોલવડા આવાસ યોજનામાં જે લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં દબાણકર્તાઓએ તેમનો સામાન દુર કરી સ્વેચ્છાએ દબાણો તોડી નાંખ્યા હતા જેના લીધે તંત્રની કામગીરી ઘટી હતી દબાણો દુર કરતી વેળાએ સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોના લીરા ઉડયા હતા. દબાણની સાઈટ પર અધિકારીઓ માટે બેસવાની તેમજ પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. દબાણકર્તાઓ પોતાના સામાન સાથે જી આઈ ડી સી તેમજ વાવોલ તરફ જતા હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ.

## છકડાવાળાએ તકનો લાભ ઉઠાવી તગડુ ભાડુ વસુલ્યુ

દબાણો દુર કરવાનુ બુલડોઝર ફરી વળતા દબાણકર્તાઓ પણ તેમનો સામાન આટોપવા કામે લાગી ગયા હતા. એકબાજુ દબાણો તોડવા બુલડોઝર ફરતા હતા બીજીબાજુ સામાન પણ ભરાતો હતો. પોતાનો સામાન છકડા તેમજ રીક્ષામાં ભરીને અન્ય જગ્યાએ ખસેડવા પણ ધમાધમ થઈ હતી. જયારે દબાણકર્તાઓની આ સ્થિતિ વચ્ચે છકડાવાળાઓએ પણ દબાણકર્તાઓ પાસેથી પાંચ ગણુ ભાડુ વસુલ્યુ હતુ.

# શહેરમાં કોરોના કેસ ૧૫૦૦ની નજીક

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં આજે ૧૯ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૪૮૬ થઈ છે. આમ શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૫૦૦ની નજીક પહોંચી છે.

**આજે સે. ૨ માંથી ૨, સે. ૩-સી માંથી ૨, સે. ૭ માંથી ૨, સે. ૨૪ માંથી ૩, સે. ૨૮ માંથી ૩, બોરીજમાંથી ૩ કેસ મળવા ઉપરાંત સે. ૪, ૬, ૨૧ અને ૨૭ માંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર શહેરમાં જે ઝડપે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા અને દોડધામ વધી ગઈ છે. શહેરમાં કોરોનાનું આક્રમકરૂપ જોવા મળી રહ્યુ હોવાથી લોકોમાં પણ ભયની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે. જો કે તંત્ર દ્વારા રેપીડ એન્ટીજન ટેસ્ટની સંખ્યામાં વધારો કરાયો છે. રોજના ૪૦૦ થી વધુ લોકોના રેપીડ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

શહેરમાં આજે સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર બોરીજમાંથી ૩ કેસ મળતાં તંત્રની ચિંતા વધવા પામી છે. આ ઉપરાંત સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા સે. ૨૪ માં પણ ૩ કેસ મળ્યા છે.

આજે સે. ૨ માંથી ૨, સે. ૩-સી માંથી ૨, સે. ૭ માંથી ૨, સે. ૨૪ માંથી ૩, સે. ૨૮ માંથી ૩, બોરીજમાંથી ૩ કેસ મળવા ઉપરાંત સે. ૪, ૬, ૨૧ અને ૨૭ માંથી પણ કેસ મળી આવ્યા છે. આજે મોટી વય ધરાવતા વડીલો મોટી સંખ્યામાં કોરોનાની ઝપટે ચડ્યા છે. તંત્રએ મોટી આયુ ધરાવતા વડીલોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન જવાની અપીલને દોહરાવી છે.

સે. ૨૧ માંથી આજે ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૬ માંથી શિક્ષક તરીકે ફરજ બજાવતા ૨૪ વર્ષીય યુવાનનો

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૫ કેસ

**કુડાસણમાં ૪ કેસ, વાવોલ-રાયસણમાં ૧-૧ કેસ : કલોલમાં ૪ કેસ, માણસામાં ૩ કેસ અને દહેગામમાં ૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણના કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગરમાંથી ૬, દહેગામમાંથી ૨, માણસામાંથી ૩ અને કલોલમાંથી ૪ કેસ મળી આવ્યા છે. વધુ આયુ ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

વાવોલ ગામેથી આજે ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણમાંથી આજે ૪ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ૮૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમનો સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કુડાસણમાંથી ચોથો કેસ ૬૮ વર્ષીય ગૃહીણીનો નોંધાયો છે તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

રાયસણ ગામેથી ૫૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાં સામેત્રી ગામેથી ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ

● અનુસંધાન પાન-૭ પર

## તાલુકા પંચાયતની સામાન્ય સભામાં કારોબારી સમિતિને થોડીક સત્તા સોંપાઈ

**અગાઉ સામાન્ય સભાએ મંજૂર કરેલા ૨૦૦ જેટલા વિકાસ કામો રદ કરાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભાએ કારોબારી સમિતિને અડધી સત્તાઓ સોંપવાનો નિર્ણય કર્યો છે. તેમજ ૨૦૦ જેટલા વિકાસના કામો રદ કરાયા છે.

તાલુકા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ આજની સામાન્ય સભામાં કારોબારી સમિતિના ચેરમેનને સ્વભંડોળના કામો સૂચવવા તેમજ મંજૂર કરવા સહિતની ૩૦ જેટલી વિવિધ સત્તાઓ સોંપવાનો નિર્ણય કર્યો છે. જોકે નાણાંપંચની ગ્રાન્ટમાંથી કરવાના થતા કામોની સત્તા તા.પં.ના પ્રમુખને આપવામાં આવી છે.

આ અંગેનો પ્રસ્તાવ મહોતજી ઠાકોરે રજુ કર્યો હતો અને ડૉ. સી.જે. ચાવડાની દરમ્યાનગીરીને અંતે તે સત્તા વહેંચણીના નિર્ણય સાથે બહાલ રાખવામાં આવ્યો હતો.

આજની આ સામાન્ય સભામાં ગત સામાન્ય સભામાં મંજૂર કરાયેલ વિકાસના કામોનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. ભાજપના સભ્યોએ સામાન્ય સભાએ મંજૂર કરેલા કામો રદ કરી ના શકાય તે માટે જોરદાર રજુઆતો કરી હતી. આ પછી તા.વિ.અ. ધાંધલ્યાએ જણાવ્યુ હતુ કે જે કામોને વહીવટીય મંજૂરી નથી આપવામાં આવી તે કામો રદ કરવાની સત્તા સામાન્ય સભાને છે પણ જે કામો શરૂ થઈ ચુક્યા છે તે રદ ના થઈ શકે.

આ પછી કેટલા કામોને વહીવટીય મંજૂરી અપાઈ છે અને કેટલી બાકી છે તે સહિતના સંખ્યાબંધ પ્રશ્નો રજુ થયા હતા.

બેઠકમાં જણાવાયા મુજબ ૭.૨૦ કરોડના કામો સૂચવાયા હતા. જેમાંથી ૫ કરોડ ૬૨ લાખના કામોને વહીવટીય મંજૂરી અપાઈ ચુકી છે. જેની સંખ્યા ૩૦૦ થી વધુ છે. જ્યારે ૧.૫૦ કરોડના કામો જેની સંખ્યા ૨૦૦ થી વધુ છે તેને મંજૂરી આપવાની બાકી છે. આ બાકી રહેલા ૨૦૦ કામોની મંજૂરી રદ કરવાનો નિર્ણય આજની બેઠકમાં લેવાયો હતો.

આજની બેઠકમાં સામાજિક ન્યાય સમિતિમાં ખાલી પડેલ એક જગ્યા તેમજ કારોબારી સમિતિમાં ખાલી પડેલ બે બેઠકો પર નિમણુંક કરવામાં આવી હતી. કારોબારી સમિતિમાં વનીતાબા જીતેન્દ્રસિંહ સોલંકી અને બાબુજી ઠાકોરની નિમણુંક કરાઈ હતી જ્યારે સામાજિક ન્યાય સમિતિમાં જેઠાભાઈ પરમારની નિયુક્તી કરાઈ હતી.


ત્રીજી માસિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે કર્મ એવા કર્યા કે હૃદયમાં ગુંજ્યા કરે, ધર્મ કદી ભુલ્યા નહિં, વ્યવહાર કદી ચુક્યા નહિં, સુખને છલકાવ્યું નહિં, દુ:ખને દેખાડ્યું નહિં, જીવનભર કરી મહેનત ધુપસળીની માફક જીવી ગયા. તેવા દિવ્ય આત્માને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના...

સ્વ. શ્રી રમણભાઈ જેસીંગદાસ પટેલ
સ્વ. તા. ૧૦-૦૭-૨૦૨૦

લિ. ગં.સ્વ.પટેલ જશુબેન રમણભાઈ (પત્ની)
પટેલ જયેશભાઈ રમણભાઈ (પુત્ર)
ડો. પટેલ ધર્મેશભાઈ રમણભાઈ (પુત્ર)
પટેલ અસ્મિતાબેન રમણભાઈ (પુત્રી)

આર. જે. ફાર્મ, લવારપુર, ગાંધીનગર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
- હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com